ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૪-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ગાંધી પરિવારનું મહાભારત

દેશના સૌથી મોટા 'રાજવંશી' ખાનદાન તરીકે ઓળખાતા નહેરૂ-ગાંધી પરિવારનો સત્તા સાથેનો સંબંધ છેક મોતીલાલ નહેરૂના જમાનાથી છે. પંડિત જવાહરલાલ નહેરૂ અને એમની બંને બહેનો - વિજયાલક્ષ્મી પંડિત અને કૃષ્ણા હઠીસિંહ વૈશ્વિક રાજકારણમાં સક્રિય રહ્યાં અને ઇન્દિરા ગાંધી નહેરૂની પુત્રી તરીકે રાજકારણમાં પ્રવેશ્યાં હોવા છતાં એમણે આગવી કુનેહથી અત્યાર સુધીના બધા વડાપ્રધાનો કરતાં બાહોશ વડાપ્રધાન તરીકેની ઇમેજ ઉપસાવી. ઇન્દિરાજીએ દેશનાં રાજકારણમાં એકહથ્થુ, નિરંકુશ, સત્તાકારણનો સૂત્રપાત કર્યો, જેને અંજામ આપવામાં એમના વંઠેલા કુંવર સંજય ગાંધીનો સિંહફાળો હતો. સંજય ગાંધીનું અકાળ અવસાન ન થયું હોત તો કોંગ્રેસમાં બીજા કોઇને તક મળવાનો પ્રશ્ન જ પેદા ન થયો હોત. સંજય ગાંધી જીવતા હોત તો રાજીવ ક્યારેય રાજકારણમાં આવ્યા ન હોત. સોનિયા ગાંધી તો સંજયના અવસાન પછી પણ રાજીવ રાજકારણમાં ન જાય એવો આગ્રહ રાખતાં રહ્યાં હતા. આજકાલ પ્રિયંકા ગાંધી, વરૂણ ગાંધી અને મેનકા ગાંધી વચ્ચે વરતાઇ રહેલી તંગદિલીના પાયામાં છે. સંજય ગાંધીના પ્લેન ક્રેશ પછી ગાંધી પરિવારમાં પ્રવર્તેતી વારસાઇની લડાઇ. મેનકાનું સાચું નામ 'માણેકા' છે અને તે પંજાબી સરદાર પરિવારની દીકરી છે. સંજય ગાંધી સાથે પ્રેમલગ્ન કરીને આવેલી વહુ પ્રત્યે ઇંદિરા શરૂથી જ સાંશક હતા. એમ તો રાજીવ ગાંધીએ ઇટાલિયન સાનિયા (સોનિયાનું સાચું નામ 'સાનિયા માઇનો છે') સાથે લગ્ન કર્યા તે પણ ઇન્દિરા ગાંધીને પસંદ નહીં પડેલું. પરંતુ ઇન્દિરાએ પોતે પિતાની ઇચ્છા વિરૂદ્ધ પારસી ફિરોઝ ગાંધી સાથે લગ્ન કર્યાં હતા એથી એમને સમસમીને પરિવારમાં પધારેલી વહુરાણીઓને મને-કમને સ્વીકારી લેવી પડી હતી. સંજય ગાંધીએ ઇન્દિરાજીને એમના માઠા દિવસોમાં સધિયારો આપ્યો હતો એટલું જ નહીં, એમણે કટોકટી પછીના જનતા રાજ દરમિયાન કોંગ્રેસને છેક પાયામાંથી બેઠી કરી હતી, જેના સુફળ લેખે કોંગ્રેસ ફક્ત અઢી વરસના વનવાસ પછી રંગેચંગે સત્તારૂઢ બની શકી હતી. સંજયના આકસ્મિક મૃત્યુ પછી આ રાજકીય વારસો પોતાના ફાળે આવે એવી અભિલાષા સેવતી યુવાન પુત્રવધુને ઇન્દિરા ગાંધીએ કારમો ઝાટકો આપ્યો હતો. સુલતાનપુર-અમેઠીની સંજય ગાંધીની બેઠક પરથી એમણે અત્યાર સુધી રાજકારણથી સલામત અંતર રાખી પાઇલટની નોકરી કરતાં સૌમ્ય સ્વભાવના રાજીવ ગાંધીને સાંસદ બનાવ્યા તે મેનકા ગાંધીને ખૂબ અપમાનજનક લાગ્યું હતું. આજે આ બેઉ પરિવારોના વારસદારો સામસામા ધ્રુવો બની ગયા છે. મેનકાને ઘરમાંથી હાંકી કાઢ્યા પછી એમનામાં પોતાનો હક છીનવનાર રાજીવ ગાંધી પરિવાર સામે બદલો લેવાની ભાવના જાગે તે સ્વાભાવિક હતું. રાજીવ ગાંધી સામે અમેઠીમાંથી ચૂંટણી લડી પતિનો વારસો જાળવવા માંગતા મેનકા ગાંધી-પરિવાર માટે એ હદે અળખામણાં બની ગયાં હતા કે જયારે સમાધાનની કોઇ સંભાવના જ ન બચી ત્યારે કોંગ્રેસીઓએ એક સૂત્ર વહેતું મૂકી દીધું હતું : 'મેનકા સરદારણી, દેશની ગદ્દારણી.' વર્ષો પૂર્વે દીવાલો પર ચિતરાયેલા આ સૂત્રનું જ પુનરાવર્તન તાજેતરમાં પ્રિયંકા ગાંધીએ કરેલી વરૂણ ગાંધીની ટીકામાં જોવા મળે છે. એમણે વરૂણે પરિવાર સાથે ગદ્દારી કરી હોવાનો આક્ષેપ કરી એમને બોઠપાઠ શીખવવાની - સુલતાનપુરની બેઠક પરથી એમને હરાવી દેવાની હાકલ કરી છે. એમણે વિચારસરણીની લડાઇમાં તો ખુદ પોતાનો પુત્ર પણ સામે હોય તો એને હરાવવાની હાકલ કરી છે. ભાજપની વિચારસરણી સાથે જોતરાવું પડ્યું એ મેનકા અને વરૂણની મજબૂરી હતી. હવે તેઓ એટલાં આગળ નીકળી ગયા છે કે ત્યાંથી પાછાં વળી શકે એમ નથી. વરૂણ ગાંધીને ભારતીય જનતા પાર્ટીએ એમના પિતા સંજય ગાંધીની કર્મભૂમિ પર કબજો જમાવી રાખવા મેદાનમાં ઉતર્યા છે. જયાં એમની સામે અમેઠીના રાજવી સંજયસિંહનાં ઉપપત્ની અમિતા મોદી કોંગ્રેસનાં ઉમેદવાર છે. ઉત્તરપ્રદેશના આ અંતરિયાળ વિસ્તારમાં હજુ જૂનાં રજવાડાની મજબૂત પકડ રહેવા પામી છે. સંજયસિંહના ગઢમાં રાહુલ ગાંધી માટે એમનાં સહયોગ વરગ જીતવું અઘરૂં પડે એમ હોઇ એમની સાથે રાજકીય સોદાબાજી કરાઇ છે. તેથી 'ભૈયા' અને 'મૈયા'ની બેઉ બેઠકોનું પ્રચારકાર્ય સંભાળી રહેલાં 'બિટિયા રાની' માટે પરિવારના જ પિતરાઇ સામે મોરચો માંડવો પડ્યો છે. સુલતાનપુર બેઠક પર ચૂંટણી લડવા ગયેલા વરૂણ ગાંધીએ પ્રજા સમક્ષ પોતે આ વિસ્તારનો અમેઠીમાં રાહુલ ગાંધીએ કર્યો છે એવો વિકાસ કરી બતાવશે એવું વિધાન કર્યું તે રાહુલે તો આવકાર્યું હતું પરંતુ ભાજપ હાઇકમાંડ અને સવિશેષ નરેન્દ્ર મોદીનો ઠપકો સાંભળવો પડે એ પહેલાં માતા મેનકાએ પાણી પહેલાં પાળ બાંધી દીધી હતી અને વરૂણે પ્રત્યક્ષ જોયા વિના આવું વિધાન નહોતું કરવું જોઇતું એવું નિવેદન ફટકાર્યું હતું. એ ઉપરાંત સોનિયા ગાંધી વિરૂદ્ધ પણ ઝેર ઓક્યું હતું કે જે સ્ત્રી દહેજમાં એક રૂપિયો પણ લીધા વગર વિદેશથી આવેલી તે દુનિયાનાં ધનિકોમાં છઠ્ઠા નંબરે શી રીતે પહોંચી ગઇ? હકીકતમાં સોનિયા ગાંધીનો દુનિયાની પ્રભાવશાળી (તે ધનિક જ હોય તે જરૂરી નહિં) વ્યક્તિઓમાં સમાવેશ કરાતો રહ્યો છે તે બાબત દ્વેષી પ્રકૃતિની દેરાણીથી ખમી શકાતી નથી. મૂળમાં પેલો રાજકીય વારસો નહીં મળ્યાની જ બળતરા છે. પ્રિયંકાએ પોતાના 'ભાઇ' હોવાં છતાં વરૂણ 'ખોટા રસ્તે' ચડી ગયા હોવાનું અને પરિવાર સાથે એમણે ગદ્દારી કરી હોવાનું કહી વિવાદનો મધપૂડો વધુ ઢંઢેડ્યો છે, કહો કે બળતામાં ઘી હોમ્યું છે. વરૂણ ઉપરનાં પિતરાઇ બહેનના પ્રહારનો મેનકાએ એટલા જ કડવા શબ્દોમાં પ્રતિવાદ કર્યો છે. 'ખોટા રસ્તે કોણ છે, તે તો પ્રજા જ બતાવી દેશે' માતાનું એવું નિવેદન માન્ય કરી વરૂણે પણ પોતે શાલીનતાની લક્ષ્મણરેખા નહીં ઓળંગતા હોવાની વાત કરી પ્રિયંકાને મર્યાદામાં રહેવાની ચીમકી આપી છે. ભારેલો અગ્નિ ક્યારેક ભભૂકી ઊઠશે તે કહી શકાય એમ નથી. ભાજપ માટે તો મેનકા અને વરૂણ ગાંધી પરિવાર સામેનાં બ્રહ્માસ્ત્ર છે. એમને અસ્તિત્વ ટકાવવા ભાજપના શરણે આવવું પડ્યું છે તે કોણ નથી જાણતું?



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘ સંચાલિત મહિલા સિવણ વર્ગ સે-૨૨ ખાતે ચાલી રહેલ 'લેધર વર્ક'ની વાર્ષિક પરીક્ષા લેવાઈ રહી છે.

## હરિની દૃષ્ટિ...



દાદાજીને 'એન્ટી સોશિયલ મિડિયા'માં જ રસ છે. કોમ્પ્યુટરમાં ફેસબુક, ટ્વીટર વિગેરેનો બિલકુલ ઉપયોગ નથી કરતા ફક્ત બુક્સ જ વાંચે છે.

# ઉત્તરવહી ગુમ કેસ : પોલીસ ટૂંકમાં અહેવાલ રજૂ કરી શકે

### ઉત્તરવહીઓ ગુમ થવાના મામલે વાલી અને વિદ્યાર્થીઓ ભારે નારાજ થયા બાદ પોલીસ પર પણ હવે દબાણ વધ્યુ

અમદાવાદ, તા.૧૬

ધોરણ-૧૨ સંસ્કૃત વિષયની રસ્તે રઝળતી મળેલી ૩૯ ઉત્તરવહીઓના પ્રકરણમાં નિવેદન લેવાની કાર્યવાહી પૂરી થતાં પોલીસ એકાદ-બે દિવસમાં રિપોર્ટ રજુ કરે તેવી શક્યતા સેવાઈ રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સીટી રાઈડ બસમાં ક્ષમતા કરતાં વધુ ૮૩ થેલા ઉત્તરવહીઓ ખીચોખીચ ભરીને લઈ જવાતી હોવાનું પણ બહાર આવ્યું છે.

પોલીસના રિપોર્ટમાં બોર્ડ કર્મચારીની નિષ્કાળજી સ્પષ્ટ થાય છે કે કેમ તેના ઉપર દારોમદાર રાખવામાં આવી રહ્યો છે. બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષા બાદ ધો-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની પરીક્ષાના મુલ્યાંકન માટે હાલોલ જઈ રહેલી ઉત્તરવહીઓ પૈકી ૩૯ ઉત્તરવહી ગત ૨ એપ્રિલે વડોદરા-હાલોલ રોડના જરોદ બાયપાસ પાસે પડી ગઈ હતી. બોર્ડે અત્યાર સુધી ૧૨ જણના નિવેદન લીધાં છે પરંતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરવામાં જવાબદારી કોની તે નક્કી કરી શખ્યું નથી. આ ઉપરાંત માત્ર ૩૯ જ નહીં કુલ ૭૨ ઉત્તરવહી ઓછી હોવાનો પણ ઘટસ્ફોટ થયો હતો. સમગ્ર મામલે પોલીસે સંબંધીતોની નિવેદનો લઈ રિપોર્ટ તૈયાર કરી દીધો હોવાની વિગતો મળી છે. ઉચ્ચ અધિકારના નિરીક્ષણ બાદ આ રિપોર્ટ સુપરત કરાય તેવી શક્યતા છે. પોલીસ તપાસમાં બીજી એક વિગત એવી સપાટી પર આવી છે કે, ૧૬ સીટની સીટી રાઈડ બસમાં ક્ષમતા કરતાં વધુ ઉત્તરવહીના ૮૩ થેલા લઈ જવાતા હતા. બસમાં થેલા ઠાંસી ઠાંસીને ભરવામાં આવયા હોવાનું પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું છે. ઉત્તરવહીના પરિવહનમાં બોર્ડના કર્મચારીની નિષ્કાળજી છતી થઈ રહી હોવાનો પણ પોલીસે રિપોર્ટ આપે તો નવાઈ નહીં. આ સંદર્ભે શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવ જે.ડી. પટેલને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે બસમાં પૂરતી જગ્યા હતી, ક્ષમતા કરતાં વધુ ઉત્તરવહી ન હતી. અત્યાર સુધી અમે ૧૦ થી ૧૨ જણના નિવેદન લીધા છે. હાલના તબક્કે કોની નિષ્કાળજી છે તે કહી શકાય નહીં. પોલીસ અમને રિપોર્ટ કરશે કે સીધા જ કોર્ટમાં તેની પણ જાણ નહીં હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### ગઝલકાર ડૉ. રાહીની ગઝલ પઠનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના ગઝલવિદ, ગઝલકાર ડૉ. એસ.એસ. રાહીની ગઝલ પઠનનો કાર્યક્રમ ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે તા. ૧૯ એપ્રિલ શનિવાર સાંજે ૫.૦૦ કલાકે મહારાષ્ટ્ર ભવન, સેકટર-૨૧ ખાતે યોજાશે. કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે. ડૉ. રાહીએ ગઝલ વિષયમાં ડોકટરેટની પદવી મેળવી છે.

### વી-કેર ફાઉન્ડેશનની સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સ્થિત વી કેર ફાઉન્ડેશનની પાંચમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૮એપ્રિલ, શુક્રવાર સાંજે ૫.૩૦ કલાકે સિધ્ધાર્થ પાર્ટી પ્લોટ 'ક' રોડ વાવોલ ગાંધીનગર ખાતે યોજાશે. સંસ્થાના સર્વે ટ્રસ્ટી, સભાસદોને હાજર રહેવા રાજુ પટેલ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## લલિતકલા અકાદમી દ્વારા ૫૪માં રાજ્યકલા પ્રદર્શનનો પ્રારંભ

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત રાજ્યનાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હસ્તકની લલિતકલા અકાદમી દ્વારા ૫૪માં રાજ્યકલા પ્રદર્શનનો આજે રવિશંકર રાવલ કલાભવન ખાતે પ્રારંભ થશે.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા કલાકારો, કલા સંસ્થાના વિદ્યાર્થીઓ અને શાળાના બાળકો માટે ચિત્રકલા, શિલ્પકલા, વ્યવહારિક કલા, ગ્રાફિક કલા અને છબીકલા વિભાગ માટે યોજવામાં આવેલ સ્પર્ધામાં કુલ ૫૪૪ સ્પર્ધકોએ કુલ ૯૪૪ કૃતિઓ રજૂ કરી હતી. આ પૈકી ૮૮ વિજેતાઓ તથા પસંદગી પામેલ કૃતિઓનું પ્રદર્શન આ પ્રસંગે યોજાશે.

આજે સાંજે ૬.૦૦ કલાકે રવિશંકર રાવલ કલાભવન ખાતે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યનાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રી અને માહિતી કમિશનરશ્રી ભાગ્યેશભાઈ જ્હાના વરદ્‌હસ્તે કરવામાં આવશે. ઉદ્‌ઘાટન બાદ વિજેતાઓને શ્રી ભાગ્યેશભાઈ જ્હાના વરદ્‌હસ્તે પારિતોષિક વિતરણ પણ કરવામાં આવશે. આ પ્રદર્શનનો હેતુ આવતીકાલના કલાકારનો આજે પરિચય કરાવવાનો છે તેમ સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રોજગાર વાંચ્છુ ઉમેદવારોએ ઈ મેઈલ એડ્રેસ નોંધાવવા સૂચના

અમદાવાદ, તા. ૧૬

રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી દ્વારા રોજગાર વાંચ્છુઓને નોકરીદાતાની સરળતાથી સેવાઓ પ્રાપ્ત કરાવી શકાય તે હેતુથી અદ્યતન વેબ એનેબલ્ડ જોબ પોર્ટલ તૈયાર કરવામાં આવનાર છે. રોજગાર કચેરી ખાતે નોંધાયેલ રોજગાર વાંચ્છુ ઉમેદવારોને રોજગારીની વિગતોની જાણકારી સદરહુ પોર્ટલના માધ્યમથી E-mail/sms થી પણ આપવાની સગવડ ઉપલબ્ધ થનાર હોઈ દરેક રોજગાર વાંચ્છુઓએ પોતાના ઈ-મેઈલ એડ્રેસ/ મોબાઈલ નંબરની નોંધણી સંબંધિત રોજગારી કચેરી ખાતે ઈ મેઈલ : adeemp123@gmail.com પર/ ટપાલથી રૂબરૂમાં નોંધાવવા જરૂરી હોઈ તાત્કાલિક નોંધણી કરાવી લેવા રોજગાર વાંચ્છુ ઉમેદવારોને મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરીએ જણાવાયું છે.

# કલરવ સંસ્થા બાલોત્સવ ઉજવશે

ગાંધીનગર, તા.૧૬

બાળ પ્રવૃત્તિને ઉત્તેજન આપતી કલરવ સંસ્થા ગાંધીનગરનો બાલોત્સવ તા. ૩મેથી તા. ૧૪મે સુધી સેકટર-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે યોજવામાં આવશે. જેમાં ૭ થી ૧૪ વર્ષની આયુ ધરાવતા બાળકો જોડાઈ શકશે.

ગાંધીનગર સ્થિત કલરવ સંસ્થા શહેરના બાળકોમાં રહેલી નૈસર્ગિક પ્રતિભાને બહાર લાવવા છેલ્લા આઠ વર્ષથી સમર વેકેશનમાં બાલોત્સવનું આયોજન કરે છે ત્યારે ચાલુ વર્ષે સંસ્થા દ્વારા બાલોત્સવ ઉજવવામાં આવશે.

તા. ૩મે થી ૧૪મે દરમિયાન શહેરના સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. બાલોત્સવનું સમાપન તા. ૧૫ના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. બાલોત્સવમાં ૭ વર્ષથી ૧૪ વર્ષના બાળકો જોડાઈ શકશે. પ્રવેશ પત્રો અને સભ્યપદ માટેના ફોર્મ અમુલ પાર્લર, સેકટર-૨૨, ઘ-૬ પાસે, મીનાક્ષી ટ્રેડર્સ, સેકટર-૧૬, ઉર્મિલ વેદ, ૩૪૮/૧-સેકટર-૭-એ ખાતેથી મેળવી શકાશે.

### *પ્રબુદ્ધ માણસો કહે છે કે સમસ્યા જેવું કશું હોતું નથી, યત્ન અને ઉપાય સાચી દિશામાં કરવામાં આવે તો એક ખુણામાં રહેલા સવાલનો જવાબ કયા ખુણામાં પડ્યો છે તેની ખબર પડી જાય, જરૂર છે તો ફક્ત પ્રતિબદ્ધતાની*

**વ્યંગ લેખ**

## શેખચલ્લીનું સપનું

**- બિપિન ત્રિવેદી**

આ લેખ વાંચ્યા તારીખથી પચ્ચીસ વરસ વીતી ગયા છે. અને આ પચ્ચીસ વરસમાં ઘણી નદીઓમાં ઘણા પાણી વહી ગયા છે. નવા જન્મ પામનાર જાતકોને બધું ફીલગુડ ફીલગુડ થાય તે રીતે સિસ્ટમનો તખ્તો રચાઈ ગયો છે. અમેરિકાના ચ બરાક જેવા પૂર્વ પ્રમુખ પણ ભારતના પ્રશંસક બની ગયા છે.

પ્રબુદ્ધ માણસો કહે છે કે સમસ્યા જેવું કશું હોતું નથી. યત્ન અને ઉપાય સાચી દિશામાં કરવામાં આવે તો એક ખુણામાં રહેલા સવાલનો જવાબ કયા ખુણામાં પડ્યો છે તેની ખબર પડી જાય. જરૂર છે તો ફક્ત પ્રતિબદ્ધતાની. એક ડાહ્યા અને વિચક્ષણ રાજનેતાને આ વાત સમજાણી. તેણે લોકોને પડતી મુશ્કેલીઓ, અસમાન વિકાસ તથા ધૂર્ત અમીરો, સત્તાધીશો અને સરકારી બાબુઓની યુતિને પીછાણી. આ યુતિ તૂટે, મોંઘવારી ઘટે અને વેરાઓ નાખ્યા વિના વિકાસના કામ થાય તે માટે ઉપાયો સૂચવવા તેને નીતિવાન અને દરેક ક્ષેત્રના તજજ્ઞોની સમિતિઓ રચી. જેના ફળ સ્વરૂપે આમુલ આર્થિક અને સામાજિક પરિવર્તન આવ્યું. રોજગારીની અસંખ્ય નવી તક ઉભી થઈ.

હવે નવાં જન્મતાં બાળકોને બારકોડેડ ઓલ પરપઝ ઈ-કાર્ડ આપવામાં આવે છે. જેમાં તેના જન્મ, કુટુંબ, સરનામું, બ્લડગ્રુપ અને ડી.એન.એ. જેવી તમામ વિગતો હોય છે. તમામ નાગરિકોને પણ આવા ઈ-કાર્ડ આપવામાં આવ્યાં છે. જેમાં મતદાન કાર્ડ, રેશન કાર્ડ, પાન કાર્ડ, એટીએમ કાર્ડસ, ડ્રાઈવિંગ લાયસન્સ અને ઓળખકાર્ડ અને બેંક ખાતાને કલબ કરવામાં આવ્યાં છે ઈ-કાર્ડની વિગત અપડેટ કરવા માટે એક ફોન કરવાથી જે તે સત્તા તંત્રના માણસો નાગરિકના અનુકૂળ સમયે તેના નિવાસે આવી જાય છે. જેથી સરકારી ઓફિસોમાં આ સારૂં ધક્કા ખાવા પડતા નથી. સોફ્ટવેર ટેકનોલોજીનો ઉપયોગ કરીને બેંકના એટીએમ મશીન પર ઈ-કાર્ડથી ચૂંટણીમાં મતદાન કરવામાં વિશ્વમાં ભારત પ્રથમ દેશ બન્યો છે. મતદાર એટીએણ મશીન પર ઈ-કાર્ડથી મતદાન કરે કે તરત જ ચૂંટણીપંચ દ્વારા ઈન્સેન્ટીવ રૂપે તેના બેંક ખાતામાં ચોક્કસ રકમ જતા કરી દેવામાં આવે છે. આથી હવે મતદાન પણ સો ટકા થાય છે. કાળુનાણું અને કરચોરી હવે ભૂતકાળની વાત બની ગયા છે. ચલણમાંથી સિક્કા સિવાય તમામ પ્રકારની ચલણી નોટો રદ કરી દેવામાં આવી છે. તમામ નાણાકીય વ્યવહાર ચેકથી ફરજિયાત બનાવવામાં આવ્યા છે. બેંકો કોઈ ચાર્જ લીવા વિના પ્રિન્ટેડ સીગ્નેચર ધરાવતી અમર્યાદ ચેક બુક્સ ગ્રાહકને પુરી પાડે છે. વેરાઓનો અતિરેક અને જટીલ કરમાળખું લોકોને અપ્રમાણિક બનવા પ્રેરે છે તે જાણીને આવકવેરો અને અન્ય સીધા અને આડકતરાં તમામ પ્રકારના વેરા, ટેક્સ, સેસ, ડ્યુટી, ચલણ વિ. નાબુદ કરવામાં આવ્યાં છે. ઝીરો ટેક્સ સિસ્ટમ અમલમાં હોઈ કોઈને આવકવેરાના રિટર્ન ભરવા પડતાં નથી. ફક્ત બેંકમાં દરેક જમા થકી રકમ પર ટ્રાંઝેકશન ટેક્સ લેવામાં આવે છે.

દૂધ, ગેસ, વીજળી, પેટ્રોલ અને ડિઝલ, જેવી પાયાની જીવન જરૂરિયાતની વસ્તુઓ નહીં નફા અને નહીં નુકશાનના ધોરણે માત્ર પડતર ભાવે જ પુરી પાડવામાં આવે છે. આ માટેની ચૂકવણી પ્રીપેઈડ કાર્ડ દ્વારા કરવામાં આવે છે. આના કારણે પ્રજા સુખી થઈ ગઈ છે. શાકભાજીનું વેચાણ પણ દૂધની સહકારી ડેરીઓ દ્વારા જ કરવામાં આવે છે. ગૌવંશની કતલનો પ્રશ્ન હવે ભૂતકાળ બની ગયો છે. દૂધની સહકારી ડેરીઓ દ્વારા પશુવાડા ચલાવવામાં આવે છે. ગ્રામ્ય શહેરી અને અન્ય તમામ વિસ્તારોમાં જાહેરમાં પશુઓની હેરફેર પર પ્રતિબંધ છે. રહેણાંકના વિસ્તારોમાં પશુઓ પાળવા પર પ્રતિબંધ છે. પશુઓ ફક્ત દૂધની સહકારી ડેરીઓ દ્વારા ચલાવાતાં પશુવાડાઓમાં જ ઉછેરી શકાય છે. પશુપાલકો દૂધની સહકારી ડેરીઓ દ્વારા ચલાવાતાં પશુવાડાંઓ સાથે એગ્રીમેન્ટ કરી પોતાના પશુઓ સોંપે છે. જેના બદલામાં તેમને નોકરી અને કાયમી આવક મળે છે. રખડતાં ઢોર અને કૂતરા દેખાય તો તેને પકડીને પશુવાડામાં મુકી આવવા માટે ખાનગી એજન્સીઓને ઘણું ઊંચું વળતર આપવામાં આવે છે. તેથી રખડતાં ઢોર અને કૂતરાંઓ કશે પણ જોવા મળતાં નથી.

રસ્તા બનાવવા માટે સિન્થેટિક મિટીરીયલ શોધાયું છે જેના રોલ પાથરતાં જવાની મિનિટોમાં રસ્તો તૈયાર થઈ જાય છે. ટ્રાફિક જામ, આડેધમ પાર્કિંગ તથા દબાણની સમસ્યા ભૂતકાળની વાત બની ગઈ છે. આ માટે એક રાષ્ટ્રીય નીતિ નક્કી કરવામાં આવી છે. માર્ગોની વચ્ચે ડિવાઈડરની જગ્યાએ ફ્રી પાર્કિંગ પ્લેસ અને ઉપરના માળ પર પાથરણાવાળા માટે ઓટલા બન્યા છે. રસ્તા અને ફૂટપાથ દબાણ મુક્ત રહે તેનું કડક નિયમન સ્વાયત્ત સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આવી ફૂટપાથ પાસે વાહન પાર્ક થતાં ન હોય, રસ્તો અવરજવર માટે ખુલ્લો રહે છે. દુકાનદારો પણ શટરની બહાર માલસામાન કે બોર્ડ વિ. રાખી જગ્યા પર દબાણ કરી શકતા નથી. રસ્તાઓ ઉપર બમ્પ મૂકવા માટેની રાષ્ટ્રીય નીતિ નક્કી કરવામાં આવી છે. કયાં આગળ કઈ સાઈઝનાં બમ્પ મુકી શકાશે તે અંગે સર્વગ્રાહી નીતિ નક્કી કરવામાં આવી છે. જાહેર રસ્તા પર સરઘસ, વરઘોડા અને રેલીઓ કાઢવા પર અને માઈક તથા સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. કાવડિયા, રસ્તે ચાલતાં જૈન મુનિઓ અને પદયાત્રીઓના અકસ્માત ન થાય તે માટે દેશભરમાં હાઈવે પર ડિવાઈડરની જગ્યાએ સેપ્ટ યુનિવર્સિટી દ્વારા ખાસ તૈયાર કરેલ ડિઝાઈન વાળા વૉક વે સેવાભાવી સંસ્થાઓ અને ઉદ્યોગ જગતની સહાયથી બનાવવામાં આવ્યાં છે.

તમામ નાના અને મોટા રસ્તાઓ પર દર અર્ધા કિલોમીટર પર સિક્યોરીટી અને સીસીટીવી કેમેરાથી સજ્જ અદ્યતન 'ટ્રાન્સપોર્ટેશન હબ' આવેલાં છે. જયાં આગળ એસ.ટી.ની બસો અને ખાનગી ટ્રાવેલ્સની બસોનાં તથા ખાનગી વાહનો તથા રિક્ષાઓના પાર્કિંગ તથા આવવા જવા અને ઉપડવાના સ્ટેન્ડ તથા જાહેર જનતાને તમામ પ્રકારના વાહનો પાર્ક કરવાની સુવિધા આપવામાં આવી છે. ઉપરાંત અહીં કોફી શોપ, વોશરૂમ અને પોલીસ ચોકી આવેલી હોયછે. અહીં તમામ બેંકોનાં એટીએમ એક અલગ એટીએમ હાઉસમાં આવેલાં હોય છે. અહીં રેન બસેરા પણ હોય છે. જેથી નિરાધાર અને ભિક્ષુકોનું આઈડેન્ટીફીકેશન સરળ બને છે.

કચરા અને જળ વ્યવસ્થાપન માટે આગવી રાષ્ટ્રીય નીતિ નક્કી કરવામાં આવી છે. જેના લીધે નદીઓમાં, રસ્તાઓ પર કે શેરીઓમાં કયાંક કોઈ કચરો ફેંકતુ નથી. લોકો સ્વયંભુ રીતે ગમે ત્યાં કચરો ફેંકે નહીં અને નદી તળાવ સ્વચ્છ રાખે તે માટે તંત્ર દ્વારા તમામ પ્રકારના કચરા માટે લોકોને રોકવામાં ત્વરિત નાણાં ચૂકવવામાં આવે છે. તંત્રના વિશિષ્ટ પ્રકારના ખાસ વાહન જુદા જુદા કચરાં, એઠવાડ, ભંગાર અને પસ્તી વિ. છૂટાં પાડીને તેની કિંમત ચૂકવીને લઈ જાય છે. જાહેર સ્થલો અને સોસાયટીઓમાં આવા વાહન રાઉન્ડ ધ કલોક ફર્યા કરે છે. લોકો સ્વયંભુ પણે કરકસર કરે અને પાણીનો બગાડ ના કરે તે માટે તંત્ર જનતા પાસેથી પીવા યોગ્ય અને વપરાશ યોગ્ય પાણીની ખરીદી કરે છે. પાણીની ગુણવત્તા મુજબ ચૂકવણી કરવામાં આવે છે. આ માટે વિશિષ્ટ ટેન્કરો જાહેર સ્થળો અને સોસાયટીઓમાં નિયમિત પણે ફરે છે. લોકો વરસાદી પાણીનો સંગ્રહ ભુગર્ભ ટાંકામાં કરી શકે તે માટે ફલેટ્સ, સોસાયટી, દુકાનો, શોપીંગ મોલ અને સંસ્થાઓને તંત્ર આ માટેની તમામ વ્યવસ્થા સેવાભાવી સંસ્થાઓ અને કોર્પોરેટ જગતના સહયોગથી વિના મુલ્યે કરી આપે છે. લોકો વધુ પ્રમાણમાં વૃક્ષો વાવે અને ઉછેરે તે માટે વિનામુલ્યે વિવિધ પ્રકારના રોપા અને ટ્રી ગાર્ડસ તંત્ર સેવાભાવી સંસ્થાઓ અને વેપાર જગતના સહયોગથી પૂરાં પાડે છે. ઝવેરીઓ, આંગડીયાઓ અને બેંકોના એટીએમ લૂંટાવાની ઘટનાઓ ભૂતકાળ બની ગઈ છે. આ દરકે લોકોએ સહિયારા ખર્ચે એક સંપ કરીનો પોતાના વ્યવસાય અનુરૂપ દરેક વિસ્તારમાં અદ્યતન સલામતી ધરાવતાં સહિયારા જવેલર્સ હાઉસ, આંગડીયા હાઉસ અને એટીએમ હાઉસ જેવા બહુમાળી ટાવર ઊભા કર્યા છે. દરેક પેટ્રોલ પંપ પર સીસીટીવી કેમેરા અને પોલીસ ચોકી હોય છે. અહીં કેરોસીનની પેક્ડ બોટલો પણ મળે છે. પોલીસ તમામ વાહનોનનું ચેકીંગ કરે છે અને શરાબ પીધો છે કે કેમ એ માટે ચાલક સહિત બધાનું બ્રેથ એનલાઈઝીંગ મશીનથી પરિક્ષણ કરે છે. આથી અકસ્માત, ચોરી, લૂંટ અને ધાડની ગુના ઘટી ગયા છે.

કયારેક અહીં ઘી દૂધની નદીઓ વહેતી હતી એવું કહેવાય છે. પરંતુ હવે અહીંની નદીઓમાં ઘી દૂધ વહે છે. કારણ કે દેશની બધી નદીઓ એકબીજા સાથે જોડી દેવામાં આવી છે. તેથી અન્ય માલસામાનની સાથે ઘી દૂધનું પરિવહન પણ જળમાર્ગે થાય છે.